| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૦/૧૨/૨૦૨૨ |
| રજી. લીધા તારીખ | ૨૦/૧૨/૨૦૨૨ |
| ફેસલ તારીખ | ૨૦/૩/૨૦૨૩ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |

**ભાવનગરના સ્પેશ્યલ જજની કોર્ટ (એટ્રો ) તથા મહે. બીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની અદાલતમાં, મું. ભાવનગર**

**સેશન્સ કેસ નં.૧૫૭/૨૦૨૨**
**આંક –**

શ્રી સરકાર. ............ફરિયાદી.

**વિ રૂ દ ધ**

**૧) સંજયભાઈ બિજલભાઈ પરમાર,**

**૨) ગૌતમભાઈ બીજલભાઈ પરમાર,**

**૩) હિતેશભાઈ મંગાભાઈ ગીલાતર,**

**૪) બીજલભાઈ ડાયાભાઈ પરમાર,**

તમામ રહે.: વણકરવાસ, વાળુકડ ગામ,

તા.ઘોઘા, જિ.ભાવનગર. ............આરોપીઓ.

**ગુન્હો : ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ–૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબ.**

**......................................................**

**ફરીયાદી તરફે : વિ. એ. પી. પી. શ્રી જે.એ.પંડયા.**
**આરોપી તરફે : વિ. વ.શ્રી એમ.કે.લાલાણી.**

## -:: ચુકાદો ::-

(૧) આ કેસના આરોપીઓ સામે આંક-૭ થી ઈ.પી.કોડની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ-૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અંગેનુ તહોમતનામુ ફરમાવેલ છે.

(૨) આ કામની ફરીયાદ, આ કામના ફરીયાદી પોપટભાઈ રાયચંદભાઈ દેવલુક, ઉ.વ.૬૫, ધંધો.: નિવૃત, રહે.: વાળુકડ પોલીસ સ્ટેશનની બાજુમાં, તા.ઘોઘા, જિ.ભાવનગર નાઓ ઘ્વારા તા.૧૬/૧/૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ છે જે ફરીયાદ આ કામે આંક-૧૬ થી રજુ થયેલ છે.

(૩) ફરિયાદ પક્ષના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, તા.૧૬-૧-૨૦૨૧ ના રોજ કલાક.૦૭.૦૦ થી ૮.૦૦ દરમ્યાન, આ કામના ફરિયાદીના ગોડાઉનની પાસે, ગોડાઉન સફાઈનો કચરો બહાર ડબામાં નાખેલ તે આ કામના આરોપીઓને ગમતી વાત ના હોય જેથી આ કામના આરોપીઓએ ફરિયાદી તથા તેમના દિકરાઓને ઢીકાપાટુ વતી મુંઢમાર મારી, ગાળો આપી, લોખંડના પાઈપ વતી હાથ ઉપર ઈજા કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી, એકબીજાને મદદગારી કરી હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ છે. ફરીયાદીએ ઉકત વિગતે વરતેજ પોલીસ સ્ટેશન ગુ. ર. નં.૧૧૧૯૮૦૬૭૨૧૦૦૩૩/૨૦૨૧ થી તા.૧૬-૧-૨૦૨૧ ના રોજ આ કામના આરોપીઓ વિરૂઘ્ધ ફરીયાદ નોંધાવેલી.

(૪) તપાસ કરનાર અમલદારે ફરીયાદીની ફરીયાદ નોંધ્યા બાદ ધોરણસરની તપાસ પુરી કરી આરોપીઓ વિરૂઘ્ધ પુરતો પુરાવો હોય અદાલતમા ચાર્જશીટ

દાખલ કરેલી આરોપીઓને પોલીસ પેપર્સની નકલ આપવામાં આવેલી અને આરોપીઓએ ખાનગી વકીલ રોકવા છે તેમ જણાવેલુ.

(૫) આરોપીઓ સામેનું ચાર્જશીટ રજૂ થયા બાદ આ કામના આરોપીઓ સામે જે બનાવ સંદર્ભે ગુન્હો દાખલ થયેલ તે જ બનાવના અનુસંધાને, હાલના ફરીયાદી તથા સાહેદો સામે ફરિયાદ દાખલ થયેલ અને તેની તપાસના અંતે તે સામી ફરિયાદના કામે હાલના ફરીયાદી તથા સાહેદો સામે ઈ.પી.કો.કલમ–૩૩૭, ૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ–૧૧૪ તથા એટ્રોસીટી એકટ કલમ–૩(૧) (આર)(એસ), ૩(૨)(૫–એ) સહિતના સેશન્સ ટ્રાયેબલ ગુન્હા હેઠળ ચાર્જશીટ દાખલ થયેલ હોય અને તેને સ્પે. એટ્રો. કેસ નં.૯/૨૧ પડેલ છે. હાલનો સેશન્સ નં.૧૫૭/૨૨ , બંને કેસ એક જ બનાવથી ઉદભવેલા હોય વિ.૩'જા એડિ. ચિફ જયુડી.મેજી.શ્રીએ હાલની ચાર્જશીટના અનુસંધાને આ કેસ સેશન્સ કોર્ટમાં કમીટ કરવા હુકમ કરીને મોકલી આપેલ, જે સેશન્સ કેસને રજીસ્ટરે લઈ, સેશન્સ કેસ નં.૧૫૭/૨૦૨૨ આપવામાં આવેલ છે.

(૬) આ કામે આરોપી વિરૂધ્ધ આંક–૭ થી તહોમતનામુ ફરમાવવામા આવેલ છે કે, તા.૧૬–૧–૨૦૨૧ ના રોજ કલાક.૦૭.૦૦ થી ૮.૦૦ દરમ્યાન, આ કામના ફરિયાદીના ગોડાઉનની પાસે, ગોડાઉન સફાઈનો કચરો બહાર ડબામાં નાખેલ તે આ કામના આરોપીઓને ગમતી વાત ના હોય જેથી આ કામના આરોપીઓએ ફરિયાદી તથા તેમના દિકરાઓને ઢીકાપાટુ વતી મુંઢ માર મારી, ગાળો આપી, લોખંડના પાઈપ વતી હાથ ઉપર ઈજા કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી, એકબીજાને મદદગારી કરી હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો.કલમ– ૩૨૩, ૫૦૪,

૫૦૬(૨) સાથે વાંચતા કલમ–૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાઓ કરેલ છે. જે તહોમતનામુ આરોપીઓને વાંચી, સંભળાવી સમજાવવામાં આવેલ છે અને તે અન્વયે આરોપીઓની આંક–૮ થી આંક–૧૧ સુધીની પ્લી લેવામાં આવેલ છે જેમાં આરોપીઓએ પોતાનો ગુનો કબુલ નથી અને કેસ ગુણદોષ ઉપર આગળ ચલાવવા માંગેલ છે તેવી ઈચ્છા વ્યકત કરતા ફરીયાદ પક્ષને આરોપીઓ વિરૂધ્ધનુ તહોમતનામુ પુરવાર કરવાની તક આપવામાં આવેલ છે.

(૭) ફરીયાદપક્ષ તરફે વિ.એપીપીશ્રીએ આંક–૫ અન્વયે દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ છે જે નીચે મુજબ છે.

## દસ્તાવેજી પુરાવા

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદીની ફરિયાદ | ૧૬ |
| ૨ | પી.એચ.સી.વાળુકડ ઘોઘા, એમ.એલ.સી. સર્ટી. | ૨૧ |
| ૩ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું | ૨૨ |
| ૪ | આરોપીઓનું અટક પંચનામુ | ૨૩ |
| ૫ | હથિયારબંધીનું જાહેરનામું | ૨૪ |
| ૬ | તપાસ સોંપ્યા અંગેનો હુકમ | ૨૭ |
| ૭ | સ્ટેશન ડાયરીની ખરી નકલ | ૨૮ |
| ૮ | સારવાર સર્ટી. મેળવવાની યાદી | ૩૦ |

(૮) ફરીયાદપક્ષ ધ્વારા આરોપીઓ વિરૂધ્ધનુ તહોમતનામુ પુરવાર કરવા માટે કુલ–૬ સાક્ષીઓને તપાસવામાં આવેલા છે જે નીચે મુજબ છે.

## મૌખિક પુરાવા

| અ.નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી સાહેદ પોપટભાઈ રાયચંદભાઈ દેવલુક | ૧૫ |
| ૨ | સાહેદ પંકજભાઈ ભારૂભાઈ રાવ | ૧૮ |
| ૩ | સાહેદ રાકેશભાઈ લાભુભાઈ રાવ | ૨૦ |
| ૪ | પી.એસ.ઓ. સાહેદ નીરૂભા ભુરૂભા જાડેજા | ૨૬ |
| ૫ | ત.ક.અ.શ્રી જનકસિંહ અગરસિંહ ઝાલા | ૨૯ |
| ૬ | ત.ક.અ.શ્રી મહેન્દ્રસિંહ ચંદ્રસિંહ ગોહિલ | ૩૧ |

(૯) ફરિયાદ પક્ષ તરફે સાહેદોનો મૌખિક પુરાવો પુરો થયા બાદ આંક–૩૨ અન્વયે કલોઝીંગ પુરસીસ રજુ કરવામા આવેલ છે અને ત્યારબાદ આરોપીની ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નીવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેમણે જણાવેલ છે કે, ''**અમોએ કોઈ ગુન્હો કરેલ નથી, નિર્દોષ છીએ**'' તેમજ તેમણે સોગંદપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે.

(૧૦) વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફેના વિ.વકીલશ્રીની દલીલો ધ્યાને લેતાં અને પુરાવો ધ્યાને લેતાં આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

### –:: મુ દ્દા ઓ ::–

(૧) શું પ્રોસીકયુશન પુરવાર કરે છે કે, તા.૧૬–૧–૨૦૨૧ ના રોજ કલાક.૦૭.૦૦ થી ૮.૦૦ દરમ્યાન, ફરિયાદીના ગોડાઉનની પાસે, ગોડાઉન સફાઈનો કચરો બહાર ડબામાં નાખેલ તે આ કામના આરોપીઓને ગમતી વાત ના હોય જેથી આ કામના આરોપીઓએ ફરિયાદી તથા તેમના દિકરાઓને ઢીકાપાટુ વતી મુંઢમાર

મારી, ગાળો આપી, લોખંડના પાઈપ વતી હાથ ઉપર ઈજા કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી, એકબીજાને મદદગારી કરી હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો.કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ–૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓ કરેલા છે ?

(૨) શું હુકમ ?

(૧૧) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**<u>–:: કા ર ણો ::–</u>**

**<u>મુદ્દા નં. ૧ :–</u>**

(૧૨) મુદ્દા નં.૧ ના સ્વરૂપને ધ્યાને લેતાં હાલના કામે જયારે આરોપીઓએ આક્ષેપ મુજબના બનાવના સ્થળે, સમયે અને તારીખે ફરિયાદીના ગોડાઉનની પાસે, ગોડાઉન સફાઈનો કચરો બહાર ડબામાં નાખેલ તે આ કામના આરોપીઓને ગમતી વાત ના હોય જેથી આ કામના આરોપીઓએ ફરિયાદી તથા તેમના દિકરાઓને ઢીકાપાટુ વતી મુંઢમાર મારી, ગાળો આપી, લોખંડના પાઈપ વતી હાથ ઉપર ઈજા કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી, એકબીજાને મદદગારી કરી હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હા કરેલ હોય તેવી બાબત પુરતાં અને નિ:શંક પુરાવાથી પુરવાર કરવાનો બોજો પ્રોસી. પક્ષના શીરે રહેલ છે.

(૧૨.૧)**(એ)<u>દલીલના તબકકે વિ.એ.પી.પી.શ્રીની દલીલ સાંભળતા તેઓએ પોતાની દલીલમાં મહદઅંશે –</u>**

- આરોપીઓ સામે ઘડવામાં આવેલ તહોમતનામાની તથા ફરિયાદીની

ફરિયાદની વિગતો સૌ પ્રથમ રીફર કરી ત્યારબાદ,

- ફરિયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદો તથા તપાસ કરનાર અધિકારી સહિતના તમામ મૌખિક પુરાવાને રીફર કરી ત્યારબાદ,

ફરિયાદ પક્ષ તરફે રજૂ કરવામાં આવેલ ફરિયાદ, પંચનામા, સર્ટીફીકેટ વિગેરે દસ્તાવેજી પુરાવા પણ રીફર કરી, આ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા પર આધાર રાખી, આ તમામ સાહેદોનો તથા દસ્તાવેજી પુરાવો આરોપીઓએ તેમની સામેના આક્ષેપ મુજબના ગુન્હા કરેલ હોવાની બાબત પુરવાર કરવા માટે પુરતાં હોવાનું જણાવેલ છે.

વિ.એ.પી.પી.શ્રીની સમગ્ર દલીલને ધ્યાને લેવામાં આવે તો તેઓએ મહદઅંશે હાલના કામે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ઉપર આધાર રાખેલ છે જે તમામ દસ્તાવેજી પુરાવા વંચાણે અને ધ્યાને લીધેલ છે.

(બી)<u>આરોપીઓ તરફેની દલીલોનો ટૂંકસાર ::</u>

દલીલના તબકકે આરોપીઓ તરફેના વિ.વ.શ્રીએ પોતાની દલીલમાં આરોપીઓ સામેના આક્ષેપો તરફ કોર્ટનું ધ્યાન દોરી, આ તમામ આક્ષેપો નિ:શંક અને પૂરતા પુરાવાથી પૂરવાર કરવાનો બોજો ફરિયાદ પક્ષના શીરે હોવાનું જણાવી હાલના કામે પ્રોસી.પક્ષ તરફે રજૂ કરવામાં આવેલ તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવા તથા સાહેદોની ઉલટતપાસથી રેકર્ડ ઉપર આવેલ બાબતો પણ પોતાની દલીલ દરમ્યાન વિગતવાર રીફર કરી પોતાની દલીલમાં મુખ્યત્વે,

- પ્રોસી.પક્ષ તરફે રજૂ કરવામાં આવેલો આ તમામ પુરાવો આરોપીઓ સામેના આક્ષેપો પૂરતા અને નિ:શંક પુરાવાથી પૂરવાર કરવા માટે પૂરતા ન હોવાનું જણાવી પ્રોસી.પક્ષ આરોપીઓ સામેના આરોપો પુરવાર કરવામાં નિષ્ફળ

નિવડેલ હોવાનું જણાવી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

હાલના કામે બંને તરફેની દલીલના હાર્દને જોતાં બંને તરફે મહદઅંશે રેકર્ડ ઉપર પડેલ પુરાવા ઉપર આધાર રાખેલ હોય હાલના મુદ્દાનો તથા હાલના સમગ્ર કેસનો ગુણદોષ ઉપર નિર્ણય કરવા આ તમામ પુરાવો વંચાણે અને ધ્યાને લીધેલ છે.

**પુરાવાનું મૂલ્યાંકન ::**

હાલના કામે જયારે બંને તરફે રજૂ થયેલા પુરાવા ઉપર આધાર રાખેલ છે તેવા સંજોગોમાં રજૂ થયેલો તમામ પુરાવો ધ્યાને લઈ તેનું મુલ્યાંકન કરવુ આવશ્યક હોય રજૂ થયેલા તમામ પુરાવાઓને ધ્યાને લેતાં નીચેની કેટલીક બાબતો સ્પષ્ટ બને છે.::

(૧૩)પ્રોસી.પક્ષ તરફે સાહેદનં.૧ તરીકે આંક-૧૫ થી ફરિયાદી સાહેદ પોપટભાઈ રાયચંદભાઈ દેવલુકને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં જણાવે છેકે, તા.૧૬-૦૧-૨૦૨૧ ના રોજ સવારે ૭-૮ વાગ્યા દરમ્યાન મહેશભાઈ મોહનભાઈના ભાડે રાખેલ ગોડાઉને દિવાબતી સાફ સફાઈ કરવા ગયેલ અને ગોડાઉનનો કચરો ગોડાઉનની બહાર રાખેલ ડબામા રાખવા બાબતે બીજલભાઈ ડાયાભાઈ પરમાર તથા તેના દિકરા સંજયભાઈ સાથે સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય અન્ય કોઈ બનાવ બનેલ નહી. સદર બનાવ સંબંધેની ફરીયાદ વરતેજ પો.સ્ટે.મા આપેલાંનુ જણાવી, જે આ કામે આંક-૧૬ થી રજૂ કરેલ છે.

વધુમાં આ ફરિયાદી સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છેકે, બાદ વાળુકડ પી.એચ.સી. ખાતે તેમને ઘરકામ કરતા થયેલ ઈજા

સંબંધે સારવાર લીધેલી. સાહેદ વધુમાં જણાવે છે કે, તેઓ તથા આરોપીઓ વચ્ચે કચરા બાબતે બોલાચાલી કરી, આરોપીઓ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલવા લાગેલ હોય કે, લોખંડનો પાઈપ આરોપી સંજયે ફરિયાદીને માથાના ભાગે કરતા આડો હાથ દેતાં હાથ પર વાગેલ હોય કે તેમના દિકરા પ્રણવને ઢીકાપાટુનો માર મારેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ ન હોવાનું જણાવે છે.

આ સાહેદની બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો, ફરિયાદ કરવા જ્ઞાતિના આગેવાનો સાથે ગયેલા તેઓએ માત્ર ફરિયાદમાં સહી કરેલી, જે ફરિયાદ પોલીસે વાંચી સંભળાવેલી નહી. તેઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી બીજુ કાંઈ બનેલ નહી. તેઓ ઘરકામ કરતા હતા ત્યાં પડી જતાં સામાન્ય ઈજા થયેલી.

આમ, ઉપરોકત ફરિયાદી સાહેદની સમગ્ર સરતપાસ તથા ઉલટતપાસનો પુરાવો ધ્યાને લેતાં ફરિયાદી સાહેદ તેમની આંક–૧૬ ની ફરિયાદમાં જે વિગતો જણાવે છે તેને લેશમાત્ર સમર્થન તેમની આંક–૧૫ ની જુબાનીમાં કરતાં નથી અને તેઓ તેમની જુબાનીમાં તેઓ અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી, ફરિયાદી તથા સાહેદોને આરોપીઓએ ગાળો આપેલ હોય કે, માર મારેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ ન હોવાનુ જણાવે છે. વધુમાં, ફરિયાદી સાહેદ તેમના પુરાવામાં તેમને જે ઈજા થયેલ છે તે ઘરકામમા પડી જવાથી થયેલાનું સ્પષ્ટ જણાવે છે. હવે આ ફરિયાદી સાહેદના આંક–૧૫ ની જુબાની સાથે ફરિયાદીની ફરિયાદ લેનાર પી.એસ.ઓ સાહેદ નીરૂભા ભુરૂભા જાડેજાનો આંક–૨૬ નો પુરાવો ધ્યાને લેતાં તેઓ તેમની જુબાનીમાં ફરિયાદીની

રૂબરૂની ફરિયાદ લીધેલાંનુ અને ફરિયાદીએ લખાવ્યા મુજબની ફરિયાદ લખેલાંનુ જણાવે છે, પરંતુ જયારે ફરિયાદી જ તેમની આંક–૧૫ ની જુબાની તથા ઉલટતપાસમાં પોતાની આંક–૧૬ ની ફરિયાદને સમર્થન કરતાં ન હોય અને તેનાથી વિપરીત હકીકતો જણાવતાં હોય ત્યારે તેવા સંજોગોમાં આંક–૨૬ ના સાહેદનો પુરાવો પણ ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ થતો નથી. આમ, આ ફરિયાદી સાહેદ તેમની આંક–૧૫ ની જુબાનીમાં આંક–૧૬ ની ફરિયાદ હકીકત તથા ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય, આ સાહેદને પ્રોસી.પક્ષ તરફે હોસ્ટાઈલ જાહેર કરાવી તેમની વિગતવાર ઉલટતપાસ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા કરવામાં આવેલ છે, પરંતુ તેમની ઉલટતપાસમાંથી પણ ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ જ હકીકત બહાર આવેલ ન હોય, આ ફરિયાદી સાહેદનો પુરાવો આરોપીઓને તેમની સામેના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવવા માટે પુરતો અને નિ:શંક ન હોવાનું સ્પષ્ટ બને છે.

(૧૪)ત્યારબાદ પ્રોસી.પક્ષ તરફે સાહેદનં.૨ તરીકે આંક–૧૮ થી સાહેદ પંકજભાઈ ભારૂભાઈ રાવ તથા સાહેદ નં. ૩ તરીકે આંક–૨૦ થી સાહેદ રાકેશભાઈ લાભુભાઈ રાવનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, આ બંને સાહેદો તેમની જુબાનીમાં આંક–૧૫ ના ફરિયાદી સાહેદે જે સ્વરૂપેની હકીકતો જણાવેલ છે તે સ્વરૂપેની વિગતો જણાવેલ છે,આમ, આ બંને સાહેદો પણ ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય, આ બંને સાહેદોનો પુરાવો આરોપીઓને તેમની સામેના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવવા માટે પુરતો અને નિ:શંક ન હોવાનુ સ્પષ્ટ બને છે.

(૧૫)હાલના કામે પ્રોસી.પક્ષ તરફે સાહેદ નં.૪ તરીકે આંક–૨૬ થી ફરિયાદીની ફરિયાદ લેનાર પી.એસ.ઓ. સાહેદ નીરૂભા ભુરૂભા જાડેજાને સોગંદ ઉપર

તપાસેલ છે, આ સાહેદે ફરિયાદીના લખાવ્યા મુજબની ફરિયાદ લીધેલાનું અને સ્ટેશન ડાયરીમાં નોંધ કર્યાનું અને આગળની તપાસ હેડ.કોન્સ. જે.એ.ઝાલાને સોંપેલાનું જણાવી, પોતાની જુબાની દરમ્યાન તપાસ સોંપ્યાનો હુકમ આંક–૨૭ થી તથા સ્ટેશન ડાયરીની ખરી નકલ આંક–૨૮ થી રજૂ કરેલ છે. આ સાહેદ તેમની ઉલટતપાસમાં ફરિયાદીની સાથે આવેલ માણસો ધ્વારા સાંભળેલી વાતો મુજબ જાતે ફરિયાદ લખી લીધેલી, બાદમાં ફરિયાદીની સહી મેળવેલી. ફરિયાદ અન્વયે ગુન્હો રજી.કરેલ અને આગળની તપાસ સોંપેલ તે સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી.

(૧૬)ત્યારબાદ હાલના કામે પ્રોસી.પક્ષ તરફે સાહેદ નં.પ તરીકે આંક–૨૯ થી ત.ક.અ.શ્રી જનકસિંહ અગરસિંહ ઝાલાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સને–૨૦૨૧ ની સાલમાં વરતેજ પો.સ્ટે. ખાતે હેડ કોન્સ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે પી.એસ.ઓ.જાડેજાનાઓએ લીધેલ ફરિયાદ રજીસ્ટર થઈ ગુન્હાની તપાસ તેઓ તરફ આવતાં, તપાસ સંભાળી લઈ લાગતાં વળગતાં સાહેદોના નિવેદનો લીધેલા, પંચનામાઓ કરેલા અને પોતાની જુબાનીમાં તપાસ અંગેની હકીકતો જણાવી, સાહેદ પોતાની જુબાની દરમ્યાન સારવાર સર્ટી મેળવવાની યાદી આંક–૩૦ થી રજૂ કરેલ છે.

(૧૭)ત્યારબાદ પ્રોસી.પક્ષ તરફે સાહેદ નં.૬ તરીકે આંક–૩૧ થી ત.ક.અ.શ્રી મહેન્દ્રસિંહ ચંદ્રસિંહ ગોહિલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં અમો સને ૨૦૨૧ ના રોજ વરતેજ પો.સ્ટે. ખાતે એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા અને વાળુકડ ઓ.પી. નો વધારાનો ચાર્જ તેમની પાસે હતો તે દરમ્યાન હાલના ગુન્હાની આગળની

તપાસ મળતાં સંભાળી લઈ  કાગળોનો અભ્યાસ કરતા એકદંરે તપાસ પુર્ણ થયેલ હોઈ અને આરોપીઓ વિરૂઘ્ધ ચાર્જશીટ કરેલાનું જણાવે છે.

આમ, ઉપરોકત ત્રણેય સાહેદોન સોગંદ ઉપરની જુબાની જોતાં વઘુમાં વઘુ આ ત્રણેય સાહેદોએ  ફરિયાદ લઈ ગુન્હો રજીસ્ટર કરેલ હોય અને  ગુન્હાના કામે તપાસ કરેલ હોય અને પોતાની તપાસ દરમ્યાન તેમની જુબાનીમાં જણાવ્યા મુજબના પંચનામા કરેલ હોય તથા સાહેદોનાં નિવેદનો રેકર્ડ કરેલ હોય અને ચાર્જશીટ રજૂ કરેલ હોય તેવી બાબત સ્પષ્ટ બને છે. પરંતુ આ આંક–ર૯ સાહેદ જે સાહેદોના નિવેદનો તથા પંચોના પંચનામા અંગે પોતાની જુબાનીમાં જણાવે છે તેવા નિવેદનો તથા પંચનામાઓની વિગતોને આગળ ઉપરની ચર્ચા મુજબ જે તે નિવેદનો આપનાર સાહેદો  પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આવા નિવેદનોની  વિગતોને કોઈ જ સમર્થન આપતાં નથી તથા ફરિયાદી પણ  ફરિયાદની વિગતને કોઈ જ સમર્થન આપતાં નથી.  વઘુમાં, આંક–ર૬ ના જે સાહેદ છે તેઓ પી.એસ.ઓ. સાહેદ છે તેઓએ  ફરિયાદ લઈ ગુન્હો રજીસ્ટર કરી આગળની તપાસ જે તે  પોલીસ કર્મચારીને સોંપેલાનુ જણાવેલ છે  તે સિવાયની કોઈ જ કાર્યવાહી કરેલ ન હોવાનું તેમના પુરાવામાં જણાવે છે, જયારે આંક–૩૧ સાહેદ  છે તેમને  આ ગુન્હાની તપાસ મળતાં આરોપીઓ વિરૂઘ્ધ પુરતો પુરાવો જણાઈ આવતાં માત્ર ચાર્જશીટ કરેલાનુ જણાવે છે.  આમ, ઉપરોકત ત્રણેય સાહેદોનો પુરાવો સંયુકત રીતે ઘ્યાને લેતાં આરોપીઓને તેમની સામેના ગુન્હા સાથે સાંકળવા પુરતો હોવાનું ગણી શકાય તેમ નથી. તે જોતાં આ ત્રણેય સાહેદોનો  પુરાવો પણ આરોપીઓને તેમની સામેના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવવા માટે  પુરતો અને નિ:શંક ન હોવાનું સ્પષ્ટ બને છે.

(૧૮)આમ, ઉપરોકત વિગતે પ્રોસી.પક્ષ તરફે રજુ થયેલ તમામ પુરાવાને સમગ્ર રીતે જોતાં આ કામના આરોપીઓએ તેમની સામેના આક્ષેપ મુજબના કોઈપણ ગુન્હા કરેલ હોય તેવી બાબત નિ:શંકપણે પુરવાર કરવા માટે રજૂ થયેલો તમામ પુરાવો પુરતો અને નિ:શંક ન હોવાનું સ્પષ્ટ બનતું હોય પ્રોસી.પક્ષ આરોપીઓ સામેના આરોપો તથા **મુદ્દાનં.૧,** પુરતાં અને નિ:શંક પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું માની **મુદ્દા નં.૧** નો નિર્ણય તે મુજબ ''**નકારમાં**'' આપવામાં આવેલ છે.

(૧૯)**<u>મુદ્દા નં.૨ ના નિર્ણય માટેના કારણો ::</u>**

આમ, મુદ્દા નં.૧ માં કરેલ ચર્ચા તથા તેના નિર્ણયને ધ્યાને લઈ,પ્રોસી. પક્ષ જયારે આરોપીઓ સામેના તમામ આરોપો પુરતાં અને નિ:શંક પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે તેવા સંજોગોમાં મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## <u>:: હુ ક મ ::</u>

૧. ક્રિ. પ્રો. કોડની કલમ–૨૩૫(૧) ની જોગવાઈ મુજબ હાલના કામેના આરોપીનં.**(૧) સંજયભાઈ બિજલભાઈ પરમાર, (૨) ગૌતમભાઈ બીજલભાઈ પરમાર, (૩) હિતેશભાઈ મંગાભાઈ ગીલાતર, (૪) બીજલભાઈ ડાયાભાઈ પરમાર,** તમામ રહે.:તમામ રહે.: વણકરવાસ, વાળુકડ ગામ, તા.ઘોઘા, જિ.ભાવનગરનાઓને તેમની સામેના **ઈ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ–૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫** મુજબના ગુન્હાના કામેથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના પ્રત્યેક આરોપીઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ નામ. હાઈકોર્ટ સમક્ષ અપીલ થાય તો હાજર રહેવા સંબંધે અલગ અલગ રૂા.૫૦૦૦–૦૦ (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) ના જામીન અત્રેની અદાલતમાં રજૂ કરવા.

૩. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ બિનકિંમતી હોય અપીલ પીરીયડ વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે .

હુકમ આજરોજ તા.૨૦'મી–માર્ચ, ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**ભા વ ન ગ ર.**
**તા.૨૦–૦૩–૨૦૨૩.**

**(એ.એન.અંજારીયા)**
સ્પેશ્યલ જજ અને
બીજા એડિ. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
**ભાવનગર.**
**કોડ નં.જીજે૦૦૩૪૮**